સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

તમે જ બનાવ્યા એ કાયદાનું રક્ષણ ક્યાં ગયું ?
માવલંકર-મનોહરસિંહનું લક્ષણક્યાં ગયું ?
વિચક્ષણ - વિદ્વતાનું થઈ ગયું ભૂડું ભક્ષણ -
વર્ષો સુધી જ્યાં મુંડાવ્યું એ શાળા-શિક્ષણ ક્યાં ગયું ?

બતાવી દીધી
વિધાન સદસ્યો એ
પોતાની કક્ષા !?

'રિનોવેશન'
મળી નવી ઓળખ -
'વાઘરી વાડો'

ચિંતન

વાસ્તુ વાચઃ સભાયોગ્યા યાશ્ચિત્તાકર્ષણક્ષમાઃ ।
સ્વેષાં પરેષાં વિદુષાં દ્વિષામવિદુષામપિ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે વાણી પોતાના માણસોનું, સામા પક્ષના માણસોનું, વિદ્વાનોનું, અવિદ્વાનોનું તેમજ શત્રુઓનું પણ ચિત્ત આકર્ષિત કરવાની શક્તિશાળી હોય, તે જ સભા માટે યોગ્ય છે. (અર્થાત્ આવી વાક્શક્તિ વાળો માણસ જ સભામાં પ્રવચન કરવા માટે યોગ્ય છે.)

વકતૃત્વ કળા છે સુંદર વાક્ય રચના અને રસાળ વાક્છટાથી કોઈ પણ વ્યક્તિ આકર્ષાઈ જાય છે સમજે ન સમજે છતાં પણ બોલનાર ને સાંભળતા રહે છે માલ વેચનારા એટલા માટે જ દેખાય ઉપરાંત વાક્છટા ને મહત્ત્વ આપતા હોય છે વાણીમાં નિખાલસતા - સ્પષ્ટતા અને સચ્ચાઈનો રણકો હોવો જોઈએ.

સુવિચાર

- મતને માટે મરીફીટે એવા છે, આત્મા માટે મરી ફીટે એવા નથી - **દાદા ભગવાન**
- વૈરાગ એટલે પોતે જે માર ખાધેલો છે યાદ આવે તે - **એસ. ભટ્ટાચાર્ય**
- ગરુડ માખીઓ પકડતું નથી - **તમિલ કહેવત**
- પચાસ વર્ષની ઉંમરે કયાં તો માણસ પોતાનો દાકતર હોય કે પછી મૂર્ખ - **જર્મન કહેવત**
- કાયર બહુમતીમાં હોવાથી રાજી થાય છે, બહાદુર એકલા જ લડવામાં ગૌરવ માને છે - **જનકલ્યાણ**
- દોઢ વાંક વગર કયિજો ન થાય - **દુલા ભાયા કાગ**
- આજનું ઔષધ : વારંવાર પેશાબ થતો હોય તો તલ બે ભાગ, અજમો એક ભાગ મિક્સ કરી, મુખવાસની જેમ ખાવાથી વારેવારે પેશાબ કરવા જવું નહીં પડે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ધર્મની વાતો ઘણા કરે છે પણ બીજી બાજુ લડાઈ ઝઘડા પણ ધર્મને નામે જ થાય છે. વાસ્તવમાં ધર્મ આપણી અંદર જ છૂપાયો છે જયારે આટલું સમજાશે ત્યારે ધર્મનું સ્વરુપ આપોઆપ જ સ્પષ્ટ થશે.

એક માણસ સંત ડાયોજીનસ પાસે આવ્યો અને કહ્યું 'ધર્મ શું છે ??' ડાયોજીનસે કહ્યું, 'આમ ઉતાવળમાં ધર્મની વ્યાખ્યા ન થઈ શકે.' પેલો માણસ કહે, 'હું ઉતાવળમાં છું એટલે હાલ જ મને ધર્મની વ્યાખ્યા કરી આપો.' ડાયોજીનસે કહ્યું, 'આપ ઉતાવળમાં છો એમ હું પણ ઉતાવળમાં છું આટલા ઓછા સમયમાં ધર્મને સમજવો મુશ્કેલ છે, એમ કરો તમારું સરનામું મને લખી આપો હું આપને ધર્મની લેખિત વ્યાખ્યા પહોંચાડી દઈશ.' પેલા માણસે કાગળમાં સરનામું લખી આપ્યું. ડાયોજીનસે કહ્યું, 'આપ આ સરનામે કાયમ હોય છો, તમે ક્યાંય જતાં તો નથી ને ?' પેલો માણસ 'ક્યારેક ક્યારેક બહાર જતો હોઉં છું એટલે તે સરનામું પણ આપી દઉં છું.' ડાયોજીનસે કહ્યું, 'આ મામલો અસ્થિરતાનો નહીં, સ્થિરતાનો છે, તમે જયાં સ્થાયીરૂપો રહો છો ત્યાંનું સરનામું મળ્યા વિના હું તમારી સાથે પત્રવ્યવહાર ન કરી શકું, તમારું કાયમનું એક સરનામું આપો.' ડાયોજીનસની એકની એક વાત સાંભળી પેલો માણસ અકળાઈ ગયો અને બોલ્યો, 'બોલો, હું અહીં જ રહું છું જે કહેવાનું હોય તે કહો નહીં તો જતા રહો.' આટલું સાંભળી ડાયોજીનસે કહ્યું, 'બસ, આ જ તો ધર્મ છે. ધર્મનો અર્થ જ એ છે કે પોતાનામાં રહેવું, આત્મચિંતન કરવું પોતાની જાતને ઓળખવી. બસ ધર્મની આ જ ઉત્તમ વ્યાખ્યા છે.' પેલા માણસને હકીકત સમજાઈ અને ડાયોજીનસને વંદન કરી ચાલતો થયો.

એનડીએનાં વળતાં પાણી

તંત્રીસ્થાનેથી...

પૂર્વોત્તરમાં કેસરિયો લહેરાવ્યા પછી એમ લાગવા માંડેલું કે ભાજપ દેશ આખામાં છવાઈ જશે. નાનાં - મોટાં એકવીસ રાજયોમાં ભાજપ સીધો કે ભાગીદાર તરીકે સત્તા સ્થાને આવી ગયાની રંગેચંગે જાહેરાત પમ થઈ. પરંતુ આ રંગમાં ઉત્તરપ્રદેશ અને બિહારમાં થયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામોએ ભંગ પાડ્યો છે. એ પહેલાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની પેટા ચૂંટણીઓમાં તેમ જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ ભાજપના ઉમેદવારો હાર્યા હતા. હવે ઉત્તરપ્રદેશમાં ખુદ મુખ્યમંત્રીની પરંપરાગત બેઠક પણ આ ભગવાધારીઓના હાથમાંથી સરકી ગઈ છે. ગોરખપુરમાં મહંત અવૈદ્યનાથ અને એમના પછી વર્તમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો ગરાસ લૂંટી લેવાં ફોઈ-ભત્રીજાની સાંઠગાંઠનું રાજકારણ સફળ થયું છે. મમતા બેનરજી તો ઘણાં જ આશાવાદી છે અને ગાઈ વગાડીને કહ્યા કરે છે કે ૨૦૧૯માં કેન્દ્રમાં ભાજપના નામનું નામું લખાઈ જવાનું છે. મહાગંઠબંધનના પ્રણેતા લાલુપ્રસાદ યાદવ એમનાં જૂના કુકર્મોની સજા ભોગવતાં હોવા છતાં બિહારની પ્રજાએ એમની પાર્ટીમાં વિશ્વાસ મૂકી કાચીંડાની જેમ રંગ બદલનારા નીતીશ કુમારને ડીંગો બતાવી દીધો એટલું જ નહીં, ભાજપ માટે પણ ત્યાં મોં બતાવવા જેવું નથી રહ્યું. અરરિયા પેટાચૂંટણીના પરિણામ પછી ભુરાંટા થયેલા રાષ્ટ્રીય જનતા દળના કાર્યકર્તાઓએ ભાગલપુર જિલ્લાના એક કસ્બામાં 'મોદી ચોક' નામકરણના વિરોધણાં ભાજપના કાર્યકર્તાના પરિવાર પર જીવલેણ હુમલો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ સાથે પોતાના ગામનો ચૉક જોડાય એવું તો પ્રજાને ગૌરવ થવું જોઈએ. બિહારમાં મોદીની લોકપ્રિયતા તળિયે બેસી ગઈ છે, એનું આ ઝળહળતું લોહિયાળ દૃષ્ટાંત છે. ચૉક સાથે મોદીનું નામ જોડવા જતાં ભાજપના સ્થાનિક કાર્યકર્તાએ જીવ ખોવો પડ્યો છે. પાછો એ કાર્યકર્તા લાલુ યાદવની જ જ્ઞાતિનો યાદવ છે! લોકભામાં એનડીએ સાથે છેડો ફાડી નાખી તેલુગુ દેશમ પાર્ટીએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી ત્યારે આંધ્રપ્રદેશની જ બીજી પ્રાદેશિક પાર્ટી વાયએસઆર કોંગ્રેસના નેતા જગનમોહન રેડ્ડીએ આ પ્રકારની અવિશ્વાસની દરખાસ્ત મૂકવાની પહેલ પોતાની પાર્ટીએ ઘણી વહેલી કરી હોવાનો દાવો કર્યો છે. આંધ્રને વિશેષ રાજયનો દરજ્જો આપવા મુદ્દે તેલુગુદેશમના નેતા અને વર્તમાન મુખ્યમંત્રી ડૉ. ચંદ્રા બાબુ નાયડુ અને એમના કટ્ટર પ્રતિસ્પર્ધી દિવંગત કોંગ્રેસી મુખ્યમંત્રી ચંદ્રશેખર રેડ્ડીના રાજકીય વારસદાર હવે એક જ મંચ પર આવી ગયા છે. લોકસભામાં રાક્ષસી બહુમતી ધરાવતી ભાજપ સરકારને અવિશ્વાસની દરખાસ્ત હલાવી શકે એમ નથી પરંતુ શિવસેના સહિત બધા જ વિપક્ષો સામે પડે તો એની સાઈકોલોજિકલ અસર જરૂર ૨૦૧૯નાં પરિણામોમાં જોઈ શકાશે. ભાજપ માટે દખ્ખણના ગઢમાં ગાબડું પાડવાની તક કર્ણાટકની વિધાનસભાની ચૂંટણીમાં ઉપલબ્ધ થઈ શકે એમ છે. ભાજપે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ યેદીયુરપ્પાને જ પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રસ્તુત કર્યા છે. જો કર્ણાયકની કૂટનીતિ પરિણામદાયક નહીં નીવડે તો મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તો પહેલાંથી જ ભાજપની રાજય સરકારો સામે એન્ટી ઈન્કમ્બન્સીનો વાવર ફેલાયેલો છે. મોદી માટે હવે કપરાં ચઢાણ શરૂ થઈ રહ્યાં છે. માત્ર પૂર્વોત્તરમાં પરચમ લહેરાવી દેવાથી ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી જીતી શકાશે નહીં. પૂર્વોત્તરની તમામ બેઠકોનો સરવાળો ૨૫ થાય છે, જે એક રાજસ્થાન ગુમાવવાથી સરભર થઈ જાય એમ છે.

સ્વભાવ કેવી રીતે સુધારી શકાય ?

ડૉ. વિનુભાઈ એમ. પટેલ

સ્વભાવ સુધારવાના સિદ્ધાંત :

વૈજ્ઞાનિક જ્ઞાન અને અનુભવો આધારિત, ખરાબ સ્વભાવવાળી વ્યક્તિને કયા સિદ્ધાંતો કે નિયમો આધારિત સાચી સમજણ આપી શકાય ? જી, હા ! આ એક શૈક્ષણિક પ્રક્રિયા છે જે ધીમે જરૂર છે પણ શીખવાની તીવ્રતા વધુ હોય ત્યાં ઝડપી બને છે. ખરાબ સ્વભાવની કે ગુસ્સો કરવા જેવી કુટેવમાં થોડા મહિનામાં આંશિક સુધાર લાવી શકાય છે.

સિદ્ધાંત-૧ : પ્રખર નિર્ધાર કરો કે હું મારો સ્વભાવ સુધારવા કટિબદ્ધ છું. રોજ નિર્ધાર દોહરાવો.

સિદ્ધાંત-૨ વિવાદ કદી ન કરો પણ સપ્રેમ સંવાદ કરો.

બુદ્ધ ભગવાને કહ્યું છે કે : વિશ્વમાં એક પછી એક સમસ્યાઓ સર્જાતી રહી છે પણ માનવી પોતાની બુદ્ધિ અને કૌશલ્યો થકી તેનું સમાધાન કરતો આવ્યો છે. આવી સમસ્યા ઉકેલની જો કોઈ માસ્ટર કી હોય તો તે છે સામેની વ્યક્તિ સાથે ગુસ્સો નહિ પ્રેમ કરો. તે જેવી છે તેવી સ્વીકારો અને સ્નેહપૂર્વક સંવાદ કરો. તે વ્યક્તિનો વધુ વિશ્વાસ સંપાદન કરવા તમારો અહમ્ ત્યજી દો અને વિચારપૂર્વક તૈયાર કરેલ અર્થસૂચક પ્રશ્નો પૂછવામાં પારંગત બનો. ચર્ચામાં 'બહુ સરસ', 'Good, Fine, Great' જેવા શબ્દોથી પ્રોત્સાહિત કરો. પરિણામ ઈચ્છિત મળશે.

સિદ્ધાંત -૩ ગુસ્સો આવે ત્યારે મોં બંધ, આંખ બંધ કરી મૌનમુનિ બની જાઓ.

સિદ્ધાંત - ૪ વાણી સદા મીઠી મધુરી જ બોલો, કડવી કર્કશવાણી કદી નહિ.

દરેકે પોતાની લૂલીને વશમાં રાખવાની છે, કેમ કે જીભને હાડકું હોતું નથી પણ હાડકાં ભંગાવવાની જબરજસ્ત શક્તિ ધરાવે છે. દ્રૌપણીના એક જ વાક્ય 'આંધળાનાં છોકરાં આંધળા' એ વસ્ત્રાહસ્ત અને મહાભારત યુદ્ધના બીજ રોપેલા. જો ઘરમાં આવા હૃદયસાંસરા નીકળી જાય તેવાં વેણ (તીર) દિવસમાં દસ વખત નીકળતાં હોય તો પછી ઘરમાં મીની મહાભારત રચાય કે નહિ ? ઘરમાં દરેક સભ્યે 'હું કટુવચન કદી ઉચ્ચારીશ નહી' એવી પ્રતિજ્ઞા જ લઈ લેવી જોઈએ. સ્વજાગૃતિ વધુ અને સ્વસુધારની તાલાવેલી વધુ તેટલી સુધારની પ્રાપ્તિ પણ વધુ.

પારકાં સાથે સારી રીતે વાત થાય તો ઘરમાં સાથે કટુ ભાષામાં કેમ થાય ? પતિ પારકી પત્નીઓ સાથે અને પત્ની પારકા પતિઓ સાથે કેવી મિઠાશથી લળી લળીને વાત કરે છે ત્યારે પ્રશ્ન થાય કે બીજાઓ મોટેરાંઓ કે અજાણ્યા જોડે સ્વભાવ સારો હોય તો પોતીકાં જોડે તે જ વ્યક્તિનો સ્વભાવ કેમ ખરાબ થઈ જાય ? આના ઉપરથી એટલું તો પ્રતિપાદિત થાય છે કે વ્યક્તિ ધારે કે પોતાનો સ્વભાવ જરૂરિયાત મુજબ અને પોતાની ઈચ્છા મુજબ બદલી શકે છે એટલે કે સ્વભાવમાં ફેરફાર કરી શકે છે જે 'માનવ માત્ર પરિવર્તનને પાત્ર' ના સિદ્ધાંતને યથાર્થ બનાવે છે.

ભગવાને જીભને એકદમ મૃદુ બનાવી છે. તો પછી મૃદુવાણી જ બોલવી જોઈએ અને કટુ વાણી તો કદી ન જ બોલાવી જોઈએ. કુદરતે જીભ કેટલી બધી મુલાયમ - મૃદુ - પોચી બનાવી છે પણ આપણે તેને બોલવામાં કરવત જેવી કરી દઈએ છીએ અને પછી એનાં માઠાં પરિણામ ભોગવીએ છીએ. યાદ રહે ! હાથનાં કર્યાં હૈયે જ વાગે છે. તેથી પ્રતિજ્ઞા કરો કે મધુર વાણી જ બોલીશ.

સિદ્ધાંત : ૫ સદા સ્મિત કરો ને મરક મરક હસતા રહો

લગ્ન જેવા શુભ પ્રસંગોએ વ્યક્તિ કેવી બની - ઠનીને ડાહી - ડમરી અને શાણી થઈને હસતાં - મલકતાં બધાની સાથે સરસ વાતો કરે છે, નકારાત્મક વાણી - વલણ - વર્તન ગાયબ થઈ જાય છે અને બધા હકારાત્મક વાણી - વલણ - વર્તન કરતાં જોવા મળે છે. આમ, બધાનો સ્વભાવ સારો મજાનો થઈ જાય છે ને પ્રિય વાણી બોલે છે. આનો અર્થ એ થયો કે માણસ ધારે તો જેમ થોડા દિવસ સસ્મિત અને મલકતું મોં રાખી શકે તો આખું વર્ષ અને આખી જિંદગી કેમ ન રાખી શકે ? સસ્મિત અને હસતા રહેવાથી આંતરિક પ્રસન્નતા પ્રગટે છે અને હકારાત્મક ઉર્જા પેદા થાય છે તેથી કોઈ વ્યક્તિ સસ્મિત અને હસતી - હસાવતી હશે તો તેનો સહર્ષ સ્વીકાર થાય છે.

આમ, હકારાત્મક ઊર્જાના પૂરમાં ઝઘડો - કંકાસ કરવાના દુર્ગુણો તણાઈ જાય છે અને થોડા પ્રયત્ને સહજતાથી કુદરતી રીતે વ્યક્તિનો સ્વભાવ ધીમે ધીમે સારો થઈ જાય છે. ફક્ત જરૂર છે 'સ્વ'ને ઓળખી બદલવાના પ્રયત્નની, પ્રભુની શ્રેષ્ઠ ભેટ સમું સ્મિત અને હાસ્ય સતત કરવાની ટેવ પાડવાની.

તમે હરહંમેશ સદા મરક મરક હસતા રહેશો તો તમારા સ્વભાવ પર જાદુઈ અસર થશે સાથોસાથ તમારું સ્વાસ્થ્ય સુધરશે, બ્યુટી પાર્લરમાં ગયા વગર તમારી સુંદરતા વધશે, ચહેરો ચમકતો થશે અને તમારો ચહેરો ખીલી ઊઠશે.

એક અસ્તિત્વની હૂંફ : યુવાકાળની ઊર્મિસભર - સંવેદનશીલ વાર્તાઓ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

(ગયા અંકથી ચાલું)

આઘાત – પ્રત્યાઘાત 'વાર્તા આમ સામાન્ય છે. ડોલી એક સ્વપ્નિલ યુવતિ છે જે એક યુવકના પરિચયમાં આવે છે અને તેના પ્રેમમાં પડીને લગ્ન કરવાનું પણ નક્કી કરે છે. પરંતુ અંતે યુવક અંજન સ્મગલર નીકળે છે. આવી કંઈક કથા લેખક લાવે છે. તો વળી 'અંતરના ઓરતા' પણ ફિલ્મીઢબની પ્રેમકથા બની રહે છે, 'ઋણાનુબંધ'માં ટ્રેનમાં ભીખ માગતા રેવી અને મંગલાની કથા છે. વિષય નવો છે. વાર્તાની આખી સૃષ્ટિ ખુબ સરસ રીતે વણાતી જાય છે., આવવા જવાની ટ્રેનોનું જ્ઞાન લેખકનું સારું છે. ભીખમાગીને જીવતા ભિખારીઓને પણ ભીખ માગવાની ઈચ્છા ના થાય એ વાત મનમાં પીડે છે. બાળપણમાં પિતા સાથે ટ્રેનમાં મુસાફરી કરતા છૂટ્ટા પડી જવાની મંગલાની કથા જરા ફિલ્મી લાગે છે. કથામાં આમ કોઈ ખાસ ઘટના નથી. પણ રેલવેના પ્લેટફોર્મ પરથી મંગલાને જન્મેલું એક બાળક મળે છે અને એ એને ઘેર લઈ જઈને સ્વીકારે છે. અને વાર્તા પૂરી થાય છે. અહીં ભિખારીઓની આખી સૃષ્ટિને વધુ સારી રીતે આલેખાઈ શકાઈ હોત. પણ નવજાત શિશુ આવતા વાર્તા પૂર્ણ બને છે. ટૂંકમાં આ વાર્તા નાના માણસની મોટાઈ અને મોટા માણસની નાનપ લઈને સમાજ સામે એક લાલબત્તી ધરે છે. 'પરિવર્તન' વાર્તામાં લેખક વાર્તાના નાયક દિપેનનું બેધારું વ્યક્તિત્વ દર્શાવે છે. ધંધામાં આવતી ખોટને કારણે માણસમાં આવતું પરિવર્તન - સ્વભાવ કેવો બદલાઈ જાય છે તે વાત લઈને લેખક આવે છે. 'એક ભૂલ' વાર્તામાં પરદેશની લાલચમાં પોતાનો પ્રેમ ત્યાગીને બીજી સ્ત્રી સાથે લગ્ન કરતો રશ્મિન અને વિશ્વાસનો ભોગ બનતી અંજનાની પીડા અને અંતે લેખક દ્વારા બન્નેને ભેગા કરીને છૂટા પાડવાની વાત આ વાર્તાનું કથાતત્વ છે. અહી બધી જ ઘટનાઓ ખુબ જ સાહજિક રીતે ઘટતી જાય છે. લેખકને કોઈ આયાસ કરવો પડતો નથી. ' જ્યોતિ ' નાયિકાપ્રધાન વાર્તા છે જેમાં 'જ્યોતિ' નું ચરિત્ર ઉજાગર થયું છે. સીધી સરળ રીતે જ્યોતિના જન્મથી તેના ઘરમાં થતો તેનો ઉછેર, અભાવો અને સમજણનો પ્રવેશ, સંસ્કાર અને સદભાવનાના ગુણોનો થતો વિકાસ, મમ્મી પપ્પાનું થતું મૃત્યુ, નાના ભાઈ બહેનને ઉછેરવાની આવતી જવાબદારી, અંતે એક અપંગ વિધુર અને પૂર્વપત્નીથી બે સંતાનોના પિતા 'દિવાકર' સાથે લગ્ન કરીને બન્ને નાના ભાઈ બહેનની જિંદગીનું રક્ષણ કરતી જ્યોતિના ત્યાગ અને બલિદાનની કથા અહીં માર્મિક રીતે રજું થઈ છે. 'અંતિમયાત્રા' પણ નારી પ્રધાન વાર્તા છે. શુભદાબહેનના જીવનની કથા. તેમના બીજવર સાથે થતા લગ્ન, અગાઉની પત્નીના દીકરાને સ્વીકારી માતૃપ્રેમ આપવો, દીકરાને ઉછેરીને શિક્ષિત કરીને ઉચ્ચ નોકરીએ લગાડવો અને અંતે પતિનું મૃત્યુ, દીકરાનું શહેર જતું રહેવું, અંતમાં શુભદાબહેનનું પણ વૃદ્ધાવસ્થાને કારણે શહેરમાં દીકરાને ઘેર જવું, અને દીકરાની પત્ની દ્વારા કહેવાતા કડવા વેણ સાંભળવા અને એક રાત્રે શુભદાબહેનનું અવસાન થવું. આ રીતે આખી વારતા નાયિકા શુભદાબહેનની આસપાસ ગૂંથાયા કરે છે. 'તૃપ્તિ' વાર્તામાં પણ લેખક વાર્તાની નાયિકા 'સંતોકબા' ના ત્યાગ, સમર્પણની નારી ભાવના રજુ કરે છે. પતિ અને પુત્રનું અકસ્માતમાં મૃત્યુ, બીજો પાગલ દીકરો અને એક દીકરીની ઉછેરની જવાબદારી, શહેરમાં જવું, ત્યા સંઘર્ષ કરીને દીકરાને ભણાવીને પરદેશ મોકલવો અને ત્યા જઈને દીકરાનું બદલાઈ જવું. આવું કથાનક છે. 'મર્યાદા'માં પણ પ્રેમની કથા છે. અંજુ અને અર્ચનાનું એકબીજાને ચાહવું, પરંતુ સંજોગોવશાત જુદે જુદે લગ્ન કરવા, બન્નેના દામ્પત્યજીવનમાં ઝંઝાવાતો - ફરીથી બન્નેનું મળવું અંજુની અર્ચનાને સ્વીકારવાની તૈયારી, પરંતુ અંતે અર્ચનાનું પોતાના પતિના ઘેર પાછા ફરવું અને અપરાધભાવમાંથી બચી જવાની ખુશી. આવી વાત લઈને લેખક સામાજિક 'મર્યાદા'ને નિભાવે છે. તો વળી 'સુલેહ'માં પણ દામ્પત્યજીવનના ખટરાગની વાતો છે. 'ઈન્કાર' માં પણ પ્રેમ, ઈર્ષા અને લગ્નની નિષ્ફળતાની વાત છે. મિહીર અને મેઘાવી વચ્ચે આવીને શ્રુતિ બન્નેનો પ્રેમ શંકાથી તોડીને મિહીર સાથે લગ્ન કરે છે. લગ્ન પછી મિહીરને ખબર પડે છે કે શ્રુતિ મા બની શકે એમ નથી. મિહીરના મમ્મી આ વાત જાણીને મેઘાવીને 'સપત્ની' બનાવવાની વાત કરે છે. જે મેઘાવી સ્વીકારતી નથી. આવડી મોટી વાત અહીં સામાન્ય રીતે અને સરલ શબ્દોમાં વ્યક્ત થઈ છે. અહીં નારીના નારીત્વના સંદર્ભે કે પત્નીના પત્નીત્વ સંદર્ભે ઊંડું મનોમંથન ઘૂંટી શકાયું હોત પણ લેખક આખી વાત સરળતાથી રજુ કરી દે છે. 'વાત સાંભરે'માં નાનપણના પ્રેમી મિલને ભેટમાં આપેલી શાલથી આરંભાતી વાર્તા નારીભાવના મનોચિત્રણ કરતી આ સંગ્રહની સૌથી શ્રેષ્ઠ વાર્તા છે. અહીં લેખકે વંદનાના મનોભાવોને ચિતરવાનો સહજ સફળ પ્રયાસ કર્યો છે. શાલ ઓઢવાથી આરંભાતી અને ભાવકોને અતીતમાં લઈ વાર્તા વર્તમાનમાં શાલ સુધી આવીને પૂર્ણ બને છે. કથાગૂંથણી અને ભાષાની રીતે પણ આ વાર્તા નોંધપાત્ર બને છે. 'આવ રે વરસાદ' વાર્તામાં 'ઝરણા' અને 'કલરવ' જેવા સાહિત્યિક નામ ધરાવતી આ વાર્તા પણ વર્તમાનમાંથી અતીતમાં અને ફરી વર્તમાનમાં ઝરણાના જીવનની કથા રજુ કરે છે. આ સંગ્રહની અંતિમ વાર્તા 'પશ્ચાતાપ' પણ પતિ પત્નીના સંબંધો અને પતિ સાથે થતો દ્રોહ અને પછી થતા પસ્તાવાની વાત લઈને આવે છે.



આમ એકંદરે જોઈએ તો લેખકની મોટાભાગની વાર્તાઓ સીધી લીટી ચાલે છે. તો વળી ક્યાંક ક્યાંક વર્તમાનમાંથી અતીત અને ફરી વર્તમાનની શૈલી પણ જોવા મળે છે. તો વળી ઘણી જગ્યાએ લેખક પોતે પાત્રને ભૂતકાળમાં લઈ જઈને પાત્ર વિશે વાત કરે છે. ત્યારે પોતે પાત્ર બનીને વર્તમાનકાળમાં સરી પડે છે. આને કારણે ભૂતકાળ – વર્તમાનકાળની કથાના તંતુઓનું અનુસંધાન મળતું નથી. પાત્ર ભૂતકાળમાં જાય ત્યારે ત્યારપછી કહેવાતી કથા લેખકના મૂખે વર્તમાનકાળમાં ન કહેવાવી જોઈએ. જો ખુદ લેખિકા ભૂતકાળની વાત કહે તો 'હતી – હતું – હતા' દ્વારા થવી જોઈએ. પરંતુ ક્યાંક ભૂતકાળની વાત ચાલું વર્તમાનકાળમાં થઈ છે. જુઓ, 'એક અસ્તિત્વની હૂંફ.'

કોઈ કોઈ વાર્તામાં જરૂર વગર અરબી ફારસી કે હિંદી શબ્દો વાપરવાથી કથારસમાં ક્ષતિ પહોંચે છે. એકાદ બે જગ્યાએ કાર્ય કારણના પ્રશ્નો પણ જોવા મળે છે જેમ કે 'અશ્રુઓ ખરવા લાગ્યા' અશ્રુઓને 'ખરવા' કરતા 'નીતરવા કે વહેવા'સાથે કાર્ય કારણનો સંબંધ છે. તો વળી ક્યાંક પાત્રની ક્રિયા પ્રતિક્રિયા લેખક ખુદ આલેખે છે. તેના બદલે પાત્રની ક્રિયા પ્રતિક્રિયા ખુદ પાત્ર કરતા દર્શાવવામાં આવ્યા હોત તો વાર્તા અને પાત્રો વધુ અસરકારક બની શક્યા હોત. બીજુ કે મોટાભાગની વાર્તાઓના પાત્રો એક લીટીમાં બાળક હોય અને બીજી જ લીટીમાં એ યુવાન બની ગયા હોય અને ત્રીજી લીટીમાં કૉલેજમાં ભણતા હોય. એવું દર્શાવાયું છે. જેને કારણે વાર્તાના કથારસની ગતિ વધી જાય છે. ઉપરાંત મોટાભાગની વાર્તાઓમાં મૃત્યુ, પરદેશ જઈને બદલાઈ જવું. એક એક લીટીમાં નવી

અનુસંધાન પાના નં. ૭ પર

પાણી... પાણી રે...!!!

રગળપાટ

અજય ઉપાધ્યાય

હજુ તો ભરચક ઉનાળો શરુ પણ નથી થયો ... માથું ફાડી નાખે એવી આકરી ગરમી પડવી બાકી છે ... પાણી પાણીના પોકારો પાડવાનો ખરો સમય તો હજુ આવવો બાકી છે ત્યાં તો હજુ માર્ચ પૂરો પણ નથી થયો ને પાણીની રામાયણ શરુ થઇ ગઈ છે ... વરસાદ તો છેક જુનમાં કે એના પછી આવશે ઈટ મીન્સ કે ઓલમોસ્ટ ચારેક મહિના પાણીની કિલ્લત ભોગવવામાં જવાના . ખાલી ગુજરાત જ શુકામ પણ દેશના મોટાભાગના રાજ્યો આ ઉનાળે પાણીની આકરી તંગી ભોગવવાના એ નક્કી છે ... અને એ તંગી કેટલી આકરી હશે એ તો સમય જ કહેશે પણ એની કલ્પના માત્રથી અત્યારે તો વગર ગરમીએ પરસેવો વળી જાય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. મધ્ય અને પશ્ચિમી ભારતમાં જળાશયોમાં પાણીના જથ્થામાં નોંધપાત્ર નહિ પણ અભૂતપૂર્વ ઘટાડો અત્યારથી જોવા મળી રહ્યો છે અને પાણીનું આ જળસ્તર છેલ્લા દસ વર્ષોમાં સૌથી નીચું છે...! મતલબ કે જેમ જેમ ગરમીનો પારો ચડશે એમ એમ પાણીની જરૂરિયાતોમાં વધારો થશે અને એને પહોચી વળે એટલું પાણી જળાશયોમાં નથી તો સિમ્પલ વાત છે કે પાણીની રામાયણ હરેક ઘર – નગર – રાજ્યમાં ભજવાતી હશે ...!

૨૨ ફેબ્રુઆરી ૨૦૧૮નો જળ સંશાધન મંત્રાલયનો એક અહેવાલ જણાવે છે કે મધ્યક્ષેત્ર મતલબ કે ઉત્તરપ્રદેશ , ઉત્તરાખંડ , મધ્યપ્રદેશ અને છતીસગઢના ૧૨ જળાશયોમાં પાણીનો સંગ્રહ માત્ર ૩૬ ટકાએ આવીને ઉભો રહી ગયો છે જે પાછલા ૧૦ વર્ષોના ૪૨ ટકા જેવા રેશિયોથી ઓછો છે. હવે આમાં પશ્ચિમી ક્ષેત્રની એટલે કે ગુજરાત અને મહારાષ્ટ્ર જેવાની વાત કરીએ તો આ ફિગર ૪૦ ટકા એ છે જે પાછલા વર્ષો કરતા ઓછો જ છે ..! દેશના ઘણા વિસ્તારો આ ઉનાળે પાણીની સમસ્યાથી ત્રાહિમામ પોકારતા થઈ જવાના અને એમાયે આપણા ગુજરાતની વાત કરીએ તો સૌરાષ્ટ્ર જેવા ક્ષેત્રો માટે તો આમેય પાણી પાણીના પોકારો ગમે એટલો વરસાદ થાય તો પણ કાયમના થઈ ચુક્યા છે એવામાં આ વખતે ઓછા પાણીની ઉપલબ્ધી વધુ પોકારો કરાવશે એ નક્કી છે , અને એનું ટ્રેલર અત્યારથી જ શરુ પણ થઈ ચુક્યું છે. રાજ્યમાં જળસંકટ વધુને વધુ ઘેરું બનશે એના સંકેતો મળવાના શરુ થઈ ચુક્યા છે અને એનું કારણ છે જળાશયોમાં બચેલું પાણી ...!

ઓફિશિયલી ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૪૩ ટકા, દક્ષીણ ગુજરાતના જળાશયોમાં ૪૩, મધ્ય ગુજરાતમાં ૬૦ અને દક્ષીણ ગુજરાતમાં ૪૩ ટકા જેટલું પાણી ભર્યું છે . પાણીના મુદ્દે સમૃદ્ધ ગણાતું ગુજરાત આ વખતે જળસંકટનો સામનો કરશે એવું લાગી રહ્યું છે કેમકે ગુજરાત પાણી માટે જેના પર હેવીલી નિર્ભર છે એ નર્મદા યોજના ઓલમોસ્ટ સુકાવામાં છે અથવા તો એમ કહો ને કે એમાં પાણીની માત્રા આખો ઉનાળો નીકળી શકે એવી પર્યાપ્ત માત્રામાં નથી . મધ્યપ્રદેશમાં થયેલા ઓછા વરસાદને લીધે નર્મદામાં પાણીની આવક ઓછી થઈ છે અને અધૂરામાં પૂરું નિયમ મુજબ જ પાણી ગુજરાત વાપરી શકે એમ છે જે રૂટીન કરતા ૪૦ ટકા જેટલું જ છે . સરકારે સિંચાઈ માટે પાણી બંધ કરી દીધું છે અને માત્ર પીવાનું પાણી બચાવવા પહેલી વાર પાણી પર પહેરો મુક્યો છે જી હા પાણીની ચોરી અટકાવવા એસઆરપીના જવાનો એ કે ૪૭ જેવા આધુનિક હથિયારો સાથે નર્મદા મૈન કેનાલના કિનારે રાઉન્ડ ધી ક્લોક ચોકી પહેરો ભરી રહ્યા છે . ગુજરાતના ઈતિહાસમા પહેલી વાર નર્મદાડેમમા ઘટતી જતી જળ સપાટી આગામી ઉનાળા માટે જળ સંકટ ઊભું કરી રહી છે . સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હજુ માર્ચ પુરો થાય એ પહેલા જ સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. પીવાના પાણીની તકલીફની સાથે સાથે ખેતીની સિંચાઈ માટેનું પાણી મળવું પણ મુશ્કેલ બની ગયું છ. ગામેગામથી પીવાના પાણીની તંગીના સમાચારો